ॐ श्री.

अंबीका स्तुती

ગાયન સંગ્રહ.

રચનાર.

દ્વિવેદી. મણીલાલ મોહનલાલ.

વિરમગામ નિવાસી.

છપાવી પ્રસીધ્ધ કરનાર.

શુકલ દેવશંકર અનોપરામ.

મુ. વિરમગામ.

ગીતી.

[illegible] સ્તુતીનું, પઠન કરશે નિત્ય આની વધારે;
[illegible] માટી, આનંદથી તું સુખ તેજ મહાલે.

અમદાવાદ—“વિજય [illegible]” પ્રેસમાં છાપી.

નકલ ૫૦૦.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીંમત દોઢ આનો.

ॐ श्री.

अंबीका स्तुती
ગાયન સંગ્રહ.

રચનાર.

દ્વિવેદી. માણીલાલ મોહનલાલ.

વિરમગામ નિવાસી.

છપાવી પ્રસીધ્ધ કરનાર.

શુક્લ દેવશંકર અનોપરામ.

મુ. વિરમગામ.

ગીતી.

જે કોઇ આ સ્તુતીનું, પઠન કરશે નિત્ય અતી વહાલે; ૧
નિશ્ચે આ ભવ માંહી, સ્વર્ગસમીપું સુખ તેજ ગહાસે.

અમદાવાદ—" વિજય પ્રવર્તક " પ્રેસમાં છાપી

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીમત દોઢ આનો.



પ્રસ્તાવના.

હાલના જમાનામાં માણસોની પ્રવૃતિ ગાયન તરફ વિશેષ વધતી જાય છે કારણ કે ગાયનથી કેટલીક વખતે કલેશાદિથી ઉદાસીત થએલું મન નિમગ્ન થાય છે. પરંતુ જેમાંથી કંઇપણ ભક્તિ વિશે બોધ કે જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી, એવાં લુખાં ગાયન કે જે ફક્ત મનુષ્યોને મોહ ઉત્પન્ન કરીને, અજ્ઞાનતામાં દોરવાને સાધન રૂપ થઇ પડે છે. અને તેથી કંઇપણ સીદ્ધિ પ્રાપ્ત થતી નથી, તેટલુંજ નહીં પણ મનુષ્યાવતારની જે સૌથી પેહેલી ફરજ તે પણ બજી શક્તી નથી. વળી કહેલું છે કે "ધર્મે ન હિના પશુભિ સમાના" એટલે જેનામાં ધર્મ એટલે શું છે? તે વીશે કંઇ પણ જ્ઞાન પ્રાપ્ત થયેલું નથી તે માણસ પશુ તુલ્ય ગણાય છે. વાસ્તે આ જહાનમાં હાલના અને હવે પછીના જન્માંતરમાં આપણું કલ્યાણ થવા, દીનદયાળ, પરમ કૃપાળું, શક્તિ, શંકરાદિનું સ્મરણ કરવું, અને જકત નિયંતાના નિયમોને તાબે રહી તેનો ઉપકાર માની વર્તવું, એજ ધર્મ એટલે ફરજ છે, માટે આર્યબંધુઓના લાભાર્થે, તેમના દુઃખ કળેશાદિ વાળી પ્રવૃતિમાં લીન થયેલા મનને, નિવૃતિ તરફ દોરવા સાધન રૂપ થઇ પડવા, અલ્પ મતિથી આ સ્તુતી રચી છે તે રજુ કરૂંછું.

કર્તા.

અર્પણ પત્રિકા.

નેક નામદાર મહારાજાધિરાજ શ્રી ૭ રાણા
શ્રીજી જસવંતસિંહજી સાહેબ બહાદુર.

સંસ્થાન દાંતા.

આપ નિતી કળામાં નિપુણ છો, વિદ્યામાં
પુર્ણ પ્રવીણ છો, વળી ગુજરાતી પુસ્ત-
કોને આશ્રય આપો છો એવી
આપની ભવ્ય કીર્તિ સાંભ-
ળી આ લઘુ પુસ્તક આ-
પને માન્ય પુર્વક અર્પ-
ણ કરૂં છું તે સ્વી-
કારવા તસ્દી
ક્ષમા કરશો

લી. કર્ત્તા.

નેકનામદાર મહારાજાધિરાજ શ્રી ૭ રાણા શ્રી જી જસવંતસિંહજી શુભેચ્છક કવિતા.

રાગ. સવૈયા એકત્રીસા.

જસવંત સિંહ મહારાજ,
આપનું રાજ્ય સદા અવિચળ થાજો;
લાજ જહાજ ગરીબ નિવાજ,
સદા શુભ રાજ્ય સમાજ ગણાજો.
બાળકની પ્રતિ પાળક માત છે,
તેમ પ્રજાપતિ પાળક થાજો;
રાજ કરો જગદંબ કૃપા થકી,
તાજ રહી શીર ઉપર તાજો.

હરીગીત છંદ.

જય જક્ત અંબા શીશ નામું, પ્રેમથી તુજ પાયમાં,
માગું મુખેથી એટલું હું, રાણાશ્રીને સ્હાય થા;
નિતીવાન ને બુદ્ધિવાન છે, એ પંથ પાળે પાધરો.
એવા જસવંતસિંહની અંબા, દીન દીને ચડતી કરો.
સજી સુનિતી તજી કુરિતી, સર્વેપર પ્રીતી ધરેછે અતી;
ધર્મકાર્યમાં પ્રવર્તવા સદા, ધારેછે એ સુભ મતી.
નેક ન્યાયથી વર્તી સદા, ઇનસાફ આપેછે ખરો;
એવા જસવંતસિંહની અંબા, દીન દીને ચડતી કરો.

શાર્દુલ વિક્રીડિત.

અંબા આદિ અનાદિથી પ્રસન્ન છો, દાંતા તણા રાજને;
થાવું એથી અધિક પ્રસન્ન થઇ, દેવા સુખ સાજને.
સર્વાંગે રહી આપ વ્યાઘ્ર વાહની, રક્ષા સદા ભુપતી;
સિદ્ધિ બુદ્ધિ સુશાંતિ સંતતિ રુડી, અર્પોયથા રૂચતી.

સેરેશ્વર મહાદેવનો ગરબો.

રાગ–શુ નટવર વસંત થૈથૈ નાચી રહ્યો.

શું હર હર શીવ શંકર સ્વર ગાજી રહ્યો.
ગાજી રહ્યો નભ ગજાવી રહ્યો—શું
ત્રય લોચન ત્રિભુવન પતી, ત્રીગુણાત્મક મહાદેવ,
ત્રીપુરારી ત્રિજન્મમાં હે દુઃખ હરતુજ સેવ;
પામવા પશુ પતીની પુર્ણ ભક્તિ પ્રેમથી.
નિશદીન ઇશગુણ ગાઇ રહો—શું
સુખ કર શ્રાવણ માસમાં, ચંદ્ર વારો ચાર,
મહામેદિની મનુષ્યની, મળતી શીવ દરબાર;
સેરેશ્વરનું ધ્યાન જે કોઇ ધરશે રે,
આ ભવથી ઉતરી પાર મુકિત મળશે રે.
ઉત્તમ પદને પામવા શીવજી કેરૂં ધ્યાન.
કર કર પ્રાણી કારમું મળશે તુજને જ્ઞાન;
પાપ તણો પરીતાપ મટાડવા,
ઉમાપતી શર્ણસહુ આહી રહો—શું

ॐ श्री.

अंबीकायै नमः



અંબીકા સ્તુતી.

ગણપતો સ્તવન.

(૧) સાર્દુલવિક્રિડીત.

ગૌરી પુત્ર ગણેશ લેશ વદ્દના, આજ્ઞા મુને તો દીયો,
જાચું છું ગુણ નાયક ગુણ નીધી, વીઘ્નો વિદારો લીયો;
આપો બુદ્ધિ અથાગ ઇશ મુજને, ભક્ત્યાભિમાની કરી,
વાણી માત મુને સરસ્વતી દીયો, કષ્ટો મણી નાહરી.

---

(૨) રાગ ગીતી.

અલ્પ મતીથી હું આ, રચવાને હર્ષીત થયો આજે,
પ્રાર્થના દેવી કરૂં છું, કૃપા આપની મેળવવા કાજે.

---

(૩) રાગ. કલ્યાણ.

માતુ માહરી, વીનંતી ઉર ધરો,
ભક્ત આપ તણાને, ભવપાર ઉતારો—ટેક.
આરાસુર નિવાસીની, જગદંબા અખીલ સુજાણ,
ભવતારણ શત્રુ મારણ છો, દેવી દીન પ્રમાણ. માતુ.
આપી સુમતી કાપી કુમતી, સ્હાય થાઓ જગમાત,
અર્જદાસની શ્રવણ કરો, છો વિશ્વ વિશે વિખ્યાત. માતુ.
હે મહંમાયા મહેર કરીને, પુરજો મનની આશ,
ચરણ આપ નામા શીશ નામું.
દાસ તણાખું દાસ. માતુ.

---

(૪) રાગ. ઇસતન ધનકી.

દીન જાણી દેવી કૃપા તમે કરજો,
દાસ આપનાને સ્હાયજ થાજો. દીન.
ભવસાગરમાં બુડું છું આવારે,
વિનતી દાસતણી ઉરધારે. દીન.
આરે સંસાર છે દુઃખથી ભરેલો,

મોહ જાળની માંહે ફસેલો. દીન.
ભક્તાની વારે દેવી તું ચડજે.
નારાયણી ભવપાર ઉતારજે. દીન.

---

(૫) રાગ. બનજારો.

જાણી દેવી દાસ તમારો,
અંબા મુને ભવપાર ઉતારો. ટેક.
દર્શન તણો લ્હાવો લીધો,
જન્મારો સફળ મુજ કીધો.
માજી મન સાથે કાંઇ વિચારો. જાણી.
હર્ષ ઉરમાં અતીશય આજે,
દેવી તા'રા દર્શન કાજે.
દાસ કેરા શત્રુને સંહારો. જાણી.
મહિષાસુર સરીખા માર્યા,
દેવતાના શત્રુ સંહાર્યા.
વળી દુઃખનો આણ્યો આરો. જાણી.

---

(૬) રાગ. વરાવું વરાવું વરાવું હું તારી સોનને.

નમાવું નમાવું નમાવું હું,
મુજ શીશ અંબા ચરણે નમાવું નમાવું હું. ટેક.
દર્શન કરતાં દુઃખ સહુ જાયે,
મુજ ચીત્ત માજી સાથ જોડાવું હું. મુજ.

આરાસુરમાં છે વાસ દેવી તારો,
મારૂં મન તુજ ધામ વસાવું હું. મુજ.
આધ્ય અનાધ્યથી દેવ સેવે જેને,
તેના દર્શન કરવા જાવું હું. મુજ.

---

(૭) રાગ. દરમાં તું દીલ સાથ.

કર કરૂણા તું જગ માત,
ભક્ત પર કર કરૂણા જગમાત.
જગ દંબા જગદાધાર,
દેવી છો વિશ્વ વિશે વિખ્યાત. ટેક.
તમો કૃપાળુ દીન દયાળુ,
દર્શન કરવા આરાસુર આવું.
અંબા ચરણમાં શીશ નમાવું,
ભકત હું માજી આપનો કહાવું.
છો કળીયુગમાં સાક્ષાત દેવી છો,
કળી યુગમાં સાક્ષાત. ભક્ત પર.
આપો સુમતી કાપી કુમતી,
બાળક માજી આપનો જાણી.
સ્હાય થાઓ આરાસુર રાણી,
દહેવા ઓછો બ્રહ્માણી રૂદ્રાણી.
ગણું મુજ માત તાતને ભ્રાત,
ગણું મુજ માત તાતને ભ્રાત. ભક્તપર.

---

(૮) રાગ. વિધી વિશે વિશેષ વિચાર નહી.

ભજો ભજો (૨) અંબે ત્રિપુરારી,
હોજે છે જન્મ સફળ કરનારી.
આરાસુરમાં વાસ છે જેનો,
ભક્ત જન હું કહાવું તેનો.
જોજો અંબા (૨) દેતાં વિસારી,
હોજે છે જન્મ સફળ કરનારી. ભજો.
દેવ સકળના શત્રુ સંહાર્યા,
સુખ આપીને દુખો નિવાર્યા.
જાચું જાચું (૨) લીયો મુને તારી,
હોજે છે જન્મ સફળ કરનારી. ભજો.
વિમળશાનું માન ઉતાર્યું,
ભક્તિ તણું અભીમાન વધાર્યું.
વદું વદું (૨) વાણીઓ સારી.
હોજે છે જન્મ સફળ કરનારી. ભજો.

---

(૯) રાગ. પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે.

આજે અંબીકા ગરબે રમવા નીસર્યાંરે,
બહુચર, કાળીકા, તુળજાભવાની સાથ;
હતે ચાચર મધ્યે સર્વે બેહેનો આવીયાંરે.
સાખી. નવરાત્રીના દીનમાં, સખીઓ વારંવાર;
આનંદથી ખેલીયે, પેરી પુષ્પના હાર.

વિધવિધ રંગનાં પટકુળ અંગે ધરીરે,
ગાવા ગરબો ઉરમાં આનંદ અપાર;
સામ સામી એક બીજાને તાળી દઇરે. આજે. ૧
સાખી. બાંહ્ય બાજુબંધ બેરખા, શોભી રહ્યા અપાર;
એક બીજાથી ઉલટા, સજીયા છે શણગાર.
રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ, ઝાંઝર ઝમકે અતીરે,
જય જયકારના થાયે ત્યાં પોકાર;
સર્વે ભકતોને આપેછે માજી સુભ મતીરે. આજે. ૨
સાખી. શરદ શશી શોભી રહ્યો, ઉપજેછે અતી વહાલ;
ફેરફેર ફુદડી ફરી, ચાલે લટકતી ચાલ.
સકલ જગતમાં આનંદના ઉભરારે,
મનહર વાણીથી ગરબા ત્યાં ગવાય;
ઝણ ઝણ વાગેછે માજી કેરા ઘુઘરારે. આજે. ૩

---

(૧૦) રાગ. નાથકેસો ગજકો બંધ છોડાયો.

અંબે મારી વારે ચઢો તતકાળ, વારે ચઢો તતકાળ. અંબે.
વિપત્તિથી બહુરે મુંઝાયો, માટે કાઢો વરાળ;
દોષ મારા માજી નવ ગણશો, છું હું આપનો બાળ. અંબે.
શક્તિ તારે શરણે આવ્યા છતાં દુઃખનીરે કંઇ ઝાળ;
ખોટ અંબા તુને લાગશે તેનો, રે દેવી દીન દયાળ. અંબે.
જગદંબા કરૂણા નિધાન છો, સેવક જન પ્રતિપાળ;
દેવોનાં જેમ દુઃખ હણ્યા તેમ, ભકતની લેજો સંભાળ. અંબે.

---

(૧૧) રાગ. કોયલ સુર દીલને લાગે આનંદકારી.

અંબે આરાસુરી વિનંતી ઉરમાં ધારો;
ભાદરવાના ભકતોનો, લખું ઉતારો.
જેજે વિરમગામી, વરસુંદીઆ આવે;
શુભ નામ તેમના, લખ્યા પ્રમાણે કહાવે.
નિશાનદાર છે, ગુણીયલ બેહેચરનાથ;
તુજ ધામ આવીને, પ્રીતે જોડેછે હાથ.
દામોદર નાથ જે, મંગળ દાવો ઉપાડે;
તુજ ભકતોને એ લાડ બહુજ લડાવે.
દક્ષ દેવશંકર, ગુણના છે ભંડાર;
શુકલ હરીશંકર છે, તુજ ભકત તદાકાર.
કાનજી જોશી જે. કહેવાય શેલ્લાવાળા;
દવે ઉમેદરામ, તાહારી જપેછે માળા.
દવે રેવાશંકરને, મણીલાલ બે ભાઇ;
ગુણી શુકલ ત્રીભોવન, ને અર્પો સુખદાઇ.
શુકલ નરસિરામ સુત, હરીશંકર જ્ઞાની;
ભટ ભીખારામને, પ્રેમી શીવલાલ જાની.
દવે દયાશંકર છે, ભક્ત તુજ નિરધાર;
ભટ ચતુરદાસને, છે તુજ ઉપર પ્યાર.
દામોદરદાસ આચારજ, જે કહેવાય;
રાવળ ઓઘડરામ, સદા તુજ ગુણ ગાય.
નથુરામ ઠાકરને, વ્યાસ માધવલાલ;
વ્યાસ ઘેલારામને, વળી વ્યાસ વ્રજલાલ.

ભટ હરગોવન જે, સદગોર કહાવે;
વળી ભટ દયાશંકર, આશાસુર આવે.
પુરૂષોતમ અને, પ્રભાશંકર વ્યાસ;
જાની નરભેરામ, રાખે દર્શનની આશ.
સર્વે ભક્તોના વંશની, વૃદ્ધિ કરજો;
મણી અને ભાયચંદની અર્જ ઉર ધરજો.

---

(૧૨) રાગ. પ્યારા પ્રાણ આધાર.

માજી અંબીકા સુજાણ, વાંચો મુજ પાયે લાગણ;
આવે તુજ પાસે માગણ.
સાખી. વરસે વરસે આવું હું દર્શન કરવા કાજ.
જકત જનુની કૃપા કરી, રાખજે ભક્તની લાજ. માજીઅંબીકા.
સાખી. સિંહવાહની માત છો, વિનવું વારંવાર,
ધન દોલત જાચું નહીં, ભક્તિ ઘો નિરધાર. માજીઅંબીકા.
સાખી. દર્શનની આશા સદા, રાખું છું મહંમાય,
કૃપા આપની જો થશે, તો દુઃખ દુરજ થાય. માજીઅંબીકા.
સાખી. માત ભાળલે બાળની, અરજી ઉરમાં ધાર,
શક્તિ દુઃખ સર્વે હણો, છો નોધારા ધાર. માજીઅંબીકા.
સાખી. ભાદરવીના સંઘમાં, કરજે લીલા લહેર,
સફળ જન્મ મણીનો થશે, જો તારી હશે મ્હેર. માજીઅંબીકા.

---

(૧૩) રાગ. રઘુપતી રામ રૂદેમાં રહેજો.

સખી પડવે તે પંથે પળીએરે,
સર્વ સંઘની સાથે ભળીએરે;
ધોળાગઢ જવાને નીકળીએ,
અંબા જગ દંબ રૂદેમાં રહેજોરે.
સખી બીજે સઘળો સંઘ ચાલ્યોરે,
આરાસુરનો મારગ ઝાલ્યોરે;
અંબા નામ જપંતો ભાળ્યો,
અંબા જગ દંબ રૂદેમાં રહેજોરે.
સખી ત્રીજે ત્રીભોવન રાણીરે,
ચાર જુગમાં રહ્યાં છે જાણીરે;
એવાં માજી ભજો હર્ષ આણી,
અંબા જગ દંબ રૂદેમાં રહેજોરે.
સખી ચોથે બ્રહ્મા ગુણ ગાવેરે,
વિષ્ણુ દેવતા વેણુ બજાવેરે;
માહેશ્વર અંબા ધ્યાન લગાવે,
અંબા જગ દંબ રૂદેમાં રહેજોરે.
સખી પાંચમે બહુચર બાળીરે,
સર્વ બેહેનો સાથે આવ્યાં કાળીરે;
નીરખી લીધાં ગબ્બરવાળી,
અંબા જગ દંબ રૂદેમાં રહેજોરે.
સખી છઠે શોભે માનો પારોરે,
મહા રિપુ મહિષાસુર માર્યોરે;

દેવતા કેરા ભય નિવાર્યા,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી સાતમને દીન ફાવ્યોરે,
વિમળશા મગરૂર બની આવ્યોરે;
ત્રિપુરારી પાસે એ ડુલાયો,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી આઠમે કોપ્યાં બાળીરે,
આરાસુરીએ અગ્ની પ્રજાળીરે;
સર્વે દેરાં નાંખ્યાં છે બાળી,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી નોમે કહુ છે પોકારીરે,
માત બાળને દયોને ઉગારીરે;
અરજી અલબેલીએ ઉર ધારી,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી દશમે ડુંગરમાં બીરાજેરે,
રમ્ય સરીતાના નીર ગાજેરે;
માજીને શીર શોભે છે તાજ,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી અગીઆરસે મન મોહ્યુંરે,
અંબા દર્શનથી દુઃખ ખોયુંરે;
આરાસુરમાં ચીત્ત પરોવ્યું,
અંબા જગ દંભ ફંદેમાં રહેજોરે.
સખી બારસે નાગર નાચેરે,

અંબા અલબેલી પાસે જાયેરે;
સર્વે સંઘ જોઇને રાચે,
અંબા જગદંબ ફદેમાં રહેજોરે.
સખી તેરસે ગભર જઇએરે,
દુઃખની વાતો માજીને કહીએરે;
વળી લળી લળીને વિનવીએ,
અંબા જગદંબ ફદેમાં રહેજોરે;
સખી ચૌદશે શોભા સારીરે,
હુવન હોમ ત્યાં થાય છે ભારીરે;
માજી નામને જઉં બલીહારી,
અંબા જગદંબ રૂદેમાં રહેજોરે;
સખી પુનમે પુરણ રીતેરે,
પુજન કીધું પારાનું પ્રીતેરે.
રચી તિથિઓ વાર આદીતે,
અંબા જગદંબ ફદેમાં રહેજોરે.
આ તીથીઓ જે કોઇ ગાશેરે,
તેનો વાસ વૈકુંઠમાં થાશેરે;
હરનિશ મણી ગુણ ગાશે,
અંબા જગદંબ ફદેમાં રહેજોરે.

---

(૧૪)રાગ. તુજ આશરણુ આવુંરે, ગુણાધિપતિ તુજ૦

તુજ ધામ દીસે સારૂંરે,
અંબીકા માજી, તુજ ધામ દીસે સારૂંરે

તુજ ધામ દીસે સારૂં, રમણીકને રૂપાળું
તેથી મન મોહ્યું મારૂંરે,
અંબીકા માજી, તુજ ધામ દીસે સારૂંરે
દેવળની શોભા સારી,
ઇંદ્રપુરીથી અપારી
કિર્તિ એહુની છે ન્યારીરે,
અંબીકા માજી. તુજ ધામ દીસે સારૂંરે
દેરા ઉપર ત્રિશુળ છાજે,
દરવાજે નોબત વાજે
સામા રાણાજી બીરાજેરે,
અંબીકા માજી તુજ ધામ દીસે સારૂંરે
જાણું જુઠી આ જવાની,
માટે ભજું હું ભવાની
ગતીએથી છે થવાનીરે,
અંબીકા માજી. તુજ ધામ દીસે સારૂંરે
સેવું એવાં અંબે માઇ,
મને અતિ મકલાઇ
જેથી મળે સુખદાઇરે,
અંબીકા માજી તુજ ધામ દીસે સારૂંરે
દેવશંકર પુજે પાય,
માજી ભજે સુખ થાય
મણીલાલ ગુણ ગાયરે,
અંબીકા માજી. તુજ ધામ દીસે સારૂંરે

(૧૫) મહેતાજીરે શું મહી મૂલ બતાવું.

સહુ ભજીએરે અંબે બાળા ત્રિપુરારી,
છે મોક્ષ તણી જે બારી.
સુખ મળશેરે જેથી આ ભવ ભારી,
હશે કષ્ટો સર્વ વિદારી.

ઝુલ.

મનમાંથી માયાને તજીયેરે,
હરનિશ અંબાને ભજીયેરે.
જેનું સત્ય રહ્યું છે હજીયેરે,
દેવીનારે નામને જઇયે વારી.
છે મોક્ષ તણી જે બારી.
આ જુગમાંરે દેવી દીન દયાળ,
છે સેવક જન પ્રતિપાળ.
વિસારીરે સંસારી જંજાળ,
રટીયે અંબાને તતકાળ.

ઝુલ.

પેહલાં માન સરોવર જઇયેરે,
સ્નાન કરી વસ્ત્રો શુધ્ધ સજીયેરે.
પછી માજી સ્તવન આદરીયેરે,
જેથી થાશેરે આ ભવમાં ગતી સારી,

છે મોક્ષ તણી જે બારી.
સહુ મનમાંરે રાખો દર્શની આશ,
અતી ઉમંગ લાવી ખાસ.
વળી કરીએરે હરનિશ એવો પ્રયાસ,
જેથી છુટશે માયાનો પાસ.

ઝુલ.

એમ જાણી શક્તિને ભજશોરે,
તો સુખના સાજ સહુ સજશોરે;
વળી આ ભવફંદથી બચશોરે,
શુભ મણીનીરે શીક્ષા હ્યોને સ્વીકારી.
છે મોક્ષ તણી જે બારી.

---

(૧૬) રાગ. પુર્ણ થયો છે ખેલ, સભાજનો
પુર્ણ થયો છે ખેલ.

કોણ ઉતારે પાર, શક્તિબિન,
કોણઉતારે પાર. ટેક.
સત્ય એહનું છે જગમાંહી,
દેવી દુઃખ હરનાર. શક્તિબિન.
ઝળહળ જયોત જેની પ્રકાશે,
નહીં કંઇ ખામી લગાર. શક્તિબિન.
જે કોઇ દેવીની શરણે જાયે,

તેની કરે છે વાહાર. શક્તિબિન.
શક્તિ કેરૂં સ્મરણ સુણતાં,
કાલ ડરે છે અપાર. શક્તિબિન.
આરે સંસારની જુઠી માયા છે,
સજ્જન સત્ય ન ધાર. શક્તિબિન.
માટે ભજોને શીવ શક્તિને,
જેથી થાય ઉદ્ધાર. શક્તિબિન.
ભક્ત સકળની ભાળજ લેવા,
થાઓ માજી તૈયાર. શક્તિબિન.

---

(૧૭) રાગ. કાનડો. આવરદા વ્યર્થ વિતાવી.

આ જીંદગી અકારજ કીધી,
જેણુ શકિત ભકિત અર્થે, ઉરે ઇચ્છા નવ કીધી. આ જીંદગી.
અરિહંત એ શ્રીમંત દેવી, રીતી જેની છે સીધી;
ભકિતને આધીન થઇતે, અર્પેછે રિદ્ધિ સિદ્ધિ. આ જીંદગી.
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરાદિ, દેવે શ્રેષ્ટ ગણિ લીધી;
એવાં અંબા જગદંબાના, દર્શનો આશાન કીધી. આ જીંદગી.
શકિતનું ધ્યાન હૃદયમાં ધારો, તો મળશો સુબુદ્ધિ;
શીક્ષા મણીની ઉર ધરશોતો, ટાળશો સર્વ કુબુદ્ધિ. આ જીંદગી

---

(૧૯) આરતિ.

જય દેવિ જય દેવિ, જય ત્રિભુવનરાણી. (૨)

અકળ કળા છે તારી, (૨) કોથી ન કળાણી. જય દેવિ.
જય જય પરમ ઉદાર, છો અતિ સુખકારી; (૨)
બ્રહ્માદિકે વખાણી, (૨) જય જય ત્રિપુરારી. જય દેવિ.
ભકતાધિન છો આપ, કરૂણાળુ માતા; (૨)
પૃથ્વીપાલક વિષ્ણુ, (૨) ગુણ તારા ગાતા. જય દેવિ.
સકળ વિશ્વની માત, તુજ ગતિ છે ન્યારી; (૨)
તારક પ્રેરક અંબા (૨) ત્રિશુળ ધરનારી. જય દેવિ.
સાંભળજો સ્તુતિ આપ, અલ્પ મતિ કેરી; (૨)
દયા કરી સુખ દેજો, (૨) હણિ સર્વે વેરી. જય દેવિ.
નાસ્તિકવિણ જગજીવ, શક્તિ ભજે સર્વે; (૨)
સુખ ચહિ આરતિવારે, (૨) મણીઆ શુભ પર્વે. જય દેવિ.

---

(૧૯) રાગ. નમું પાદે ગિરિજાપતિને.

આવ્યો જગદંબા હું શરણે તારી. ટેક.
અપરાધીને લીયો ઉગારી, દેવી દીન દયાળ;
છઉં બાળ, લેજો ભાળ, અર્જ ઉરમાં ધારી. આવ્યો.
ચુંડમુંડને નાંખ્યા ચોળી, મહિષાસુર રગદોળી;
આપ્યું સુખ, કાપ્યું દુઃખ, દેવતાનું ભારી- આવ્યો.
મુનીનર સરખા પાર ન પામ્યા, ગહન ગતી છે તારી;
સુખકારી, દુઃખહારી, છબી દીસે ન્યારી. આવ્યો.
વિષ્ણુ વિરંચી ને મહેશ્વર હરનીશ તુજ ગુણ ગાય;
અંબા માજી, રહ્યાં ગાજી, વિશ્વમાંહી આ વારી. આવ્યો.

—— સમાપ્ત. ——

જાહેર ખબર.

આ અંબીકા સ્તુતિ નીચે લખેલા

ઠેકાણેથી મળશે.

વીરમગામ—સુકલ. દેવશંકર અનોપરામ મ્યુનીસી-
પાલ કલાર્ક.

જેતપુર—રા. રા. દેસાઈ. ભાયચંદ ગુલાબાઈ

ગોંડળ—રા. રા. મનુભાઈ હીરાચંદ. ટે. સંઘાણી ઓર.

વડોદરા—રા. રા. મોરારજી વનજી. કલાભુવન.

અમદાવાદ—રા. રા. રતીલાલ જીવણલાલ પાંચકુવા
પાસે.

લી. કર્તા.